# પરિસ્થિતિ અને વલણ !

**હરેશ ધોળકિયા**

વર્ષો પહેલાં ગુજરાતી તખ્તા પર એક નાટક ભજવાયેલું : " પતાની જોડ." તેમાં આમ કુટુંબના યુવાન સભ્યો વડીલ દાદાને તેમની રીતભાત માટે ધિકકારતા હોય છે, પણ જયારે તેમના પર તકલીફો આવવી શરુ થાય છે અને મૂંઝાય છે, ત્યારે દાદાજી એક પછી એક માર્ગ કાઢતા આવે છે અને બધાને ઉગારે છે. ત્યારે તે એક વાકય બોલે છે, " આપણે જયારે પતાની રમત રમવાની શરુઆત કરીએ છીએ, ત્યારે કયા પતા આવશે તેનો ખ્યાલ નથી હોતો. કદાચ ઈચ્છિત પતાં ન પણ આવે, પણ ત્યારે જે પતાં આવ્યા છે તેના વડે જ ઉતમ રમત રમવાની છે. નબળા પતા હોય તો રમત છોડી દેવાની નથી. તેમ જીવનમાં કયા સંયોગો આવશે તેનો આપણને ખ્યાલ હોતો નથી. કયારેક અણગમતા સંયોગો પણ આવે, હારશું એવી અનુભૂતિ પણ થાય, ત્યારે ભાગવા બદલે એ સંયોગોનો જ ઉપયોગ કરી શ્રેષ્ઠ પરિણામો લાવવાનો પ્રયત્ન કરવાનો છે."

બહુ જ વિચારણીય વિધાન છે આ. જીવનમાં કયારે – કેવા સંયોગો આવશે તેનો કોઈને પણ ખ્યાલ નથી હોતો. બધું જ આયોજન બરાબર કર્યું હોય, સફળતાની પૂરી તૈયારી કરી લીધી હોય, અને અચાનક એવા સંયોગો આવે કે બધી તૈયારી અને આયોજન નિષ્ફળ જાય અને સામે પરાજય ઘૂરકીયાં કરવા લાગે. ત્યારે તરત છોડી દેવાનું અને પરિસ્થિતિને શરણે જવાનું મન થાય. પણ ત્યારે જો વ્યકિત વિચારપૂર્વક વર્તે અને આ સંયોગો સામે બરાબર લડે અને તેનો જ પોતાના ફાયદા માટે ઉપયોગ કરે, તો એ જ સંયોગો તેને સફળતા અપાવે છે.

આવું અનેક લોકોના જીવનમાં જોવા મળે છે.

અભિનેતા ઋષિકપુરે પોતાની આત્મકથા લખી છે " ખુલ્લં ખુલ્લા." મજા પડે તેવી લખી છે. તેમાં તેમના જીવનના અનેક બનાવો વાંચવા મળે છે. સાથે તે તો કપુર ખાનદાનનો હોવાથી સમગ્ર ખાનદાનની માહિતી મળે છે– છેક કરીના અને રણધીરકપુર સુધી. અવશ્ય વાંચવા જેવી આત્મકથા છે. પણ તેમાં આ મુદાની ચર્ચા તેણે અજાણતાં કરી છે. તેને આ તત્વજ્ઞાનની કદાચ ખબર નથી, છતાં પોતાના જે અનુભવ વર્ણવ્યા છે, તે આ મુદાને જ ઉજાગર કરે છે.

તેણે લખ્યું છે કે તેણે ' મેરા નામ જોકર'થી પોતાની કારકિર્દી શરુ કરી. ' બોબી'થી તે હીરો બની ગયો. તેની છાપ રોમેન્ટિક હીરોની બની ગઈ. તેમાં તે ખૂબ સુંદર કામ કરવા લાગ્યો અને સફળતાનાં શિખરો ચડવા લાગ્યો. પણ ત્યાં અચાનક, તેના જ શબ્દોમાં, અમીતાભ નામનું એક વાવાઝોડું આવ્યું. અમીતાભની ફિલ્મો એટલે એકશન, મારામારીનો ભરમાર. તે સમય પણ એવો જ હતો. અન્ડરવર્લ્ડ, ભ્રષ્ટાચાર સામે લડાઈ વગેરે મુદાઓ સમાજમાં પ્રચલિત હતા. અમીતાભની ફિલ્મો એને જ વ્યકત કરતી હતી. તે આ બધા સામે લડતો હતો. એટલે લોકોના મનોભાવોને બરાબર વ્યકત કરતો હતો. એટલે તેની ફિલ્મો લોકપ્રિય થવા માંડી. અમીતાભના નામવાળી કોઈ પણ ફિલ્મ હોય, લોકો થિયેટરમાં ઘૂસી જતા હતા અને તાળીઓ અને સીસોટીઓ મારતા હતા.

પણ તેના કારણે ત્યારે જે રોમેન્ટિક ફિલ્મો આવતી હતી તે બધી બોકસ ઓફિસ પર નિષ્ફળ જવા લાગી. ઋષિકપુર, જીતેન્દ્ર, શશીકપુર જેવા જે રોમાન્સના અભિનેતાઓ હતા, તે બધા ગૌણ બની ગયા. કેટલાક બીચારા તો ટકી રહેવા રોમાન્સ બદલે મારામારી કરવા લાગ્યા. પણ એ બધાની સ્થિતિ બહુ ખરાબ થઈ ગઈ. પ્રેક્ષકો માત્ર અમીતાભ અને મારામારી જ માગતા હતા. ઋષિકપુર લખે છે કે શું કરવું તેની સમજ પડતી ન હતી. બીજા અનુકૂળ થતા હતા, પણ મને એ ફાવતું ન હતું. એટલે હું એ બાબતે બદલવા માગતો ન હતો. મેં વિચાર્યું કે ભલે મને ઓછી ફિલ્મો મળે, પણ હું અમીતાભની નકલ નહીં કરું. પ્રેક્ષકોને અનુકૂળ નહીં થાઉં. મને ખૂબ તકલીફ પડતી હતી. મારી ફિલ્મો ખૂબ સુંદર હોવા છતાં ધારી સફળ થતી ન હતી. પણ હું તો મારી ઈમેજને વળગી રહ્યો. છેવટે એવો સમય આવ્યો કે પુનઃ રોમેન્ટિક ફિલ્મોનો સમય શરુ થયો અને મારી ફિલ્મો ફરી ઉચકાવા લાગી. હું ટકી ગયો. હા, સમય જતાં મારા રોલ બદલાવા લાગ્યા, પણ હું તત્કાલીન ફેશનને તો વશ ન જ થયો.

ઋષિકપુરની આ વાત આ મુદાને જ બરાબર સમજાવે છે.

અમીતાભ નામનું જે વાવાઝોડું આવેલ અને બધાને હચમચાવી નાખેલ, તે ખુદ અમીતાભનો પણ એક સમય એવો આવ્યો કે તે પણ હચમચી ગયો. તેની ફિલ્મો પણ નિષ્ફળ જવા લાગી. આ દરમ્યાન તેને અકસ્માત થયો. માંડ માંડ બચ્યો. તેની કંપની નાદાર થઈ ગઈ. કામ મળતું બંધ થઈ ગયું. યુવાન અભિનેત્રીઓ તેના સાથે કામ કરવા તૈયાર નહોતી થતી. એક પળ એવી આવી કે લાગતું હતું કે અમીતાભની કારકિર્દી પૂરી થવા માંડી હતી.

પણ આ પણ અમીતાભ હતો. ફિલ્મમાં વિલનોને મુકકા મારી હરાવતા અમીતાભને વાસ્તવિક જીવનમાં પણ લડાઈ કરવાનો સવાલ ઊભો થઈ ગયો. એક સમયે પ્રોડયુસરો તેના ઘરના દરવાજા પર પગ ઘસતા હતા. હવે એ સ્થિતિ અમીતાભની થઈ. પણ તેણે તે સ્વીકારી લીધી અને યશ ચોપડા પાસે ગયો અને હાથ જોડી ફિલ્મની વિનંતિ કરી. એ ફિલ્મ સફળ ગઈ અને તેની કારકિર્દીમાં ફરી જીવ આવ્યો. તે દરમ્યાન ' કૌન બનેગા કરોડપતિ' નો શો શરુ થયો. તે કલ્પનાતીત સફળ થયો. અમીતાભે પણ વિવિધ રોલ સ્વીકારવાની શરુઆત કરી. નાના અભિનેતાઓ કે નવા દિગ્દર્શકો સાથે કામ કરવાની શરુઆત કરી. અને તેનું નસીબ ફરી ચમકવું શરુ થયું–છેક આજ સુધી–" ગુલાબો સીતારો " સુધી. સમગ્ર અભિનય જગત આજે તેને સ્તબ્ધ અને આદરપૂર્ણ નજરે જુએ છે. સંયોગોને સ્વીકારી, અનુકૂળ થઈ તેણે પોતાની કારકિર્દીનો બીજો તબકકો શરુ કર્યો અને ફરી

મહાન અભિનેતા થઈ ગયા.

મહાત્મા ગાંધી ભારતના રાજકીય સ્ટેજ પર પ્રવેશ્યા ત્યારે તેમના સામે અનેક પડકારો હતા. તેમના સામે એકથી એક મહાન નેતાઓ હતાઃ ટિળક, ગોખલે, ચિતરંજનદાસ, મોતીલાલ નેહરુ, લજપતરાય, બિપિનચદ્ર પાલ જેવા વિરાટ નેતાઓ હતા. તેમના સામે ગાંધી પ્રભાવહીન અને વામણા દેખાતા હતા. તેમના પાસે આકર્ષક વ્યકિતત્વ ન હતું. ટિળક જેવી ગર્જના છાપ ભાષા ન હતી. લજપતરાય જેવું ધગધગતું વ્યકિતત્વ ન હતું. ઝીણા જેવી પ્રભાવક વાણી ન હતી. આ પરિસ્થિતિમાં તેમણે સ્વાતંત્ર્ય સંગ્રામમાં પગ મૂકયો. પણ આ ગાંધી હતા. તેમણે આ બધાનો જ સહકાર લીધો. તેમના પાસેથી જ શીખતા ગયા. ધીમે ધીમે પોતાનાં પ્રભાવક ચારિત્ર્યથી લોકોને આકર્ષતા ગયા. એવા કાર્યક્રમો આપતા ગયા જે આ બધા નેતાઓને આજ સુધી સૂઝયા ન હતા. આ બધા નેતાઓ સમગ્ર ભારતના નેતાઓ ન હતા, ત્યારે ગાંધી આમજનતાને આકર્ષવા લાગ્યા. જનતાને તેમની ભાષા સમજાવા લાગી. તેથી લોકો તેમની નજીક આવતા ગયા. તે કહે તેમ કરવા લાગ્યા. જનતા પરની પકડ જોઈ આ બધા વિરાટ નેતાઓ પણ ગાંધીથી આકર્ષવા લાગ્યા. તેમના સાથી બનવા લાગ્યા અને થોડા જ સમયમાં ગાંધી અખિલ ભારતીય નેતા બની ગયા.

અરે, ત્યાર પછી પણ બધા તેમનો પ્રભાવ સ્વીકારતા ન હતા. દાંડી કૂચ નકકી કરવા જયારે બધા એકઠા થયા અને ગાંધીજીને કામ કરતા જોઈ સુભાષ બોલી ઉઠેલા કે–આનાથી તો ઉંદર પણ નહીં ડરે. જવાહરલાલ નેહરુએ પણ દાંડી કૂચની સફળતાની શંકા વ્યકત કરેલી. પણ જેમ જેમ કૂચ આગળ વધતી ગઈ અને લોકોનો જે જુવાળ આ બધા જોતા ગયા, તેમ તેમ તેઓ સ્તબ્ધ થતા ગયા અને ગાંધીને નમી પડયા. દાંડી કૂચે પહેલી વાર સમગ્ર ભારતની જનતાને સંગ્રામ સાથે જોડી દીધી. સંગ્રામનું સ્વરુપ જ બદલી ગયું. તેણે જ સ્વાતંત્ર્યને નજીક લાવવામાં મદદ કરી.

એમ ન માનવું કે આજે જ અનેકો ગાંધીની વિરુધ્ધ છે. ત્યારે પણ હતા. ભણેલાઓ તો ખાસ વિરોધી હતા. ખુદ કોંગ્રેસમાં પણ વિરોધી હતા. ઝીણા, સાવરકર વગેરે તો કાયદેસર વિરોધીઓ હતા. છતાં ગાંધી આ બધા વિરોધો વચ્ચે કામ કરતા રહ્યા, લોકોને પોતા સાથે રાખતા રહ્યા અને બધાની મદદથી છેવટે સ્વાતંત્ર્ય પણ મેળવ્યું. સુભાષ, ભગતસિંહ, નેહરુ જેવા એકએકથી અદભુત નેતાઓ વચ્ચે તે અડગ રહ્યા એટલું જ નહીં, આ બધા તેમનો બોલ ઉપાડવા તૈયાર રહેતા એવી સ્થિતિ ઊભી કરતા.

દરેક વ્યકિતના જીવનમાં કયારેકને કયારેક પ્રતિકૂળ પરિસ્થિતિ આવતી હોય છે. સમગ્ર જીવન જાણે વિરુધ્ધ હોય એવું લાગે. કોઈ પળે હતાશા કે આત્મહત્યા કરવાની ઈચ્છા પણ થતી હોય. પણ ત્યારે વ્યકિત, પોતાના હાથમાં જે પતા હોય તેની જ મદદથી જીવન સાથે રમે, રમવાનું ચાલુ રાખે, તો એવો સમય આવે છે જયારે જીવન અને સંયોગો તેને નમી પડે છે. અત્યારે અરુણિમાસિંહા જ તેનો દાખલો છે. એક પગે તે એવરેસ્ટ ચડી આવી છે. અનેક વિકલાંગો ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ મેળવે છે. કોઈ આઈ.એ.એસ. થાય છે. કોઈ પ્રધાન પણ બને છે. ( જયપાલ રેડી) ચારે બાજુ આવા દાખલા જોવા મળે છે.

એટલે હતાશ થઈ જનારે હતાશાને સ્વીકારવા બદલે તેને પડકારવી જોઈએ, તેનો કેમ ઉપયોગ કરવો જોઈએ તેનું આયોજન કરવું જોઈએ અને સફળતા તરફ ડગ ભરવાં જોઈએ.

તેણે આ વિધાન યાદ રાખવાનું છે : " સંયોગો એ નકકી નથી કરતા કે તમે સફળ જશો કે નિષ્ફળ, પણ તમે તેના પ્રત્યે કેવું વલણ રાખો છો, તે નકકી કરે છે." હાથમાંના પતા નહીં, આપણું મગજ નકકી કરે છે કે બાજી જીતશું કે નહીં !

વર્તમાન સમયમાં સમગ્ર જગત વિપરિત સંયોગોમાંથી પસાર થઈ રહ્યું છે. ત્યારે આ મુદો ખાસ મહત્વ ધરાવે છે.

❑❑❑